# NVK દ્વારા હેલ્થ એન્ડ વેલ્ફેર ડેનું આયોજન

નવજીવન વડીલ કેન્દ્ર (એનવીકે) કે જે રજીસ્ટર્ડ ચેરિટી છે તેણે ૧૦મી ડિસેમ્બર ૨૦૦૯ના રોજ એજવેરના સંગમ હોલ ખાતે હેલ્થ એન્ડ વેલ્ફેર ડેનું આયોજન કર્યું હતું, જેમાં લગભગ ૨૦૦ સભ્યોએ ભાગ લીધો હતો. સભ્યોને ડેન્ટિસ્ટ, ડાયેટિશિયન, હિયરિંગ સ્પેશિયાલિસ્ટ, આઇ સ્પેશિયાલિસ્ટ, ઓલ્ટરનેટિવ થેરાપી સ્પેશિયાલિસ્ટ અને મેકમિલન કેન્સર સપોર્ટ, ડાયાબિટીસ યુકે, બ્રિટિશ હાર્ટ ફાઉન્ડેશન, સ્ટ્રોક એસોસિએશન અને વેલ વુમનના પ્રતિનિધિઓ પાસેથી સલાહ લઇને માહિતી મેળવવાની તક સાંપડી હતી. સભ્યોની શારીરિક તપાસ માટે બ્રેન્ટ પીસીટી પણ કેટલાંક નિષ્ણાતો સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.



મેકમિલન કેન્સર ટ્રસ્ટ દ્વારા કેન્સર અંગે સલાહ આપવામાં આવી હતી.



બાર્નેટ પીસીટી ના સ્ટોલમાં સભ્યોના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી

સ્વસ્થ જીવન શૈલીમાં શાકાહારી ભોજનના મહત્ત્વ અંગે વર્ષા તલાટીએ માહિતીસભર પ્રવચન આપ્યું હતું. વર્ષાબેન તલાટીએ શાકાહારી ભોજનની જરૂરીયાત અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

જાણીતા કાર્ડિયોલોજીસ્ટ અને સંશોધક ડૉ. અમિત ભભાઇએ શરીરની સાચવણી અંગે ધ્યાન દોર્યું અને રોગને કેવી રીતે અટકાવી શકાય તે અંગે સુંદર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. સભ્યો પાસે સ્વાસ્થ્ય અંગે મૂંઝવતા લગતા ઘણા બધા પ્રશ્નો હતા, પરંતુ સમયના અભાવે તેમાં કાપ મૂકવો પડ્યો હતો. કાર્યક્રમમાં પરંપરાગત ગુજરાતી ભોજન પીરસવામાં આવ્યું હતું. સ્વયંસેવકોએ ખુબ જ સુંદર કામ કર્યું હતું. સભ્યોમાં સ્વાસ્થ્ય અંગે વધુ જાગૃતિ ફેલાવવા અને કાર્યક્રમનાં સુંદર આયોજનનો સંપૂર્ણ શ્રેય ડૉ. પ્રજ્ઞા માંડલિઆને મળે છે. એનવીકેના પ્રેસિડેન્ટ પ્રાણલાલભાઇ પારેખે મેડિકલ એક્સપર્ટસનું ભાવભીનું સ્વાગત કર્યું હતું.